પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૮૫ | ૨૫ ડિસેમ્બર, ૨૦૧૭, સોમવાર ; પોષ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### બોક્સીંગ ચેમ્પીયનશીપમાં ભારતને ત્રણ સુવર્ણ

કઝાકીસ્તાનમાં થયેલી બોક્સીંગ ચેમ્પિયનશીપમાં ભારતના બોક્સરોએ શાનદાર પ્રદર્શન કર્યું છે. આ ટુર્નામેન્ટમાં ભારતને ત્રણ ત્રણ સુવર્ણપદક સહિત પાંચ પદક પ્રાપ્ત થયા છે.

### જમ્મુ કાશ્મીરમાં ભારતે પાકને આપ્યો જડબાતોડ જવાબ

વારંવાર સીઝ ફાયરનો ભંગ કરી પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવી રહેલી ફાયરીંગનો ભારતીય સેનાએ જોરદાર જવાબ આપ્યો છે. જમ્મુ-કાશ્મીરના રાજોરીના ઝીગર સેકટરમાં પાક દ્વારા થઈ રહેલી ફાયરીંગનો જવાબ આપતા પાકસેનાના એક જવાનને ગોળી વાગી હતી.

### એઆઈએડીએમકેના બળવાખોર ચૂંટણી જીત્યા

એઆઈએડીએમકેના બળવાખર નેતા ટીટીવી દિનાકરને તામિલનાડુની પેટા ચૂંટણીમાં ભારે જીત પ્રાપ્ત કરી છે. તેઓએ અપક્ષ ઉમેદવારી નોંધાવતા એઆઈએડીએમકેના ઉમેદવાર ઈ. મધુસુદનને ૪૦ હજાર મતોથી પછડાટ આપી છે.

# જયરામ ઠાકુર હિમાચલના નવા મુખ્યમંત્રી

## હિમાચલમાં ચૂંટાયેલા ભાજપ ધારાસભ્યોની બેઠકમાં નેતા ચૂંટાયા : ઠાકુરની ૨૭મી ડિસેમ્બરના દિવસે મુખ્યમંત્રી તરીકે શપથ : વડાપ્રધાન પણ હાજરી આપશે : રાજ્યના લોકોની તમામ અપેક્ષાઓ પરિપૂર્ણ કરાશે : ઠાકુર




સિમલા, તા. ૨૪

હિમાચલ પ્રદેશમાં આગામી મુખ્યમંત્રી કોણ બનશે તેને લઈને છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી તમામ અટકળોનો આજે અંત આવી ગયો હતો. હિમાચલ પ્રદેશમાં ધારાસભ્યોની આજે બેઠક યોજાઈ હતી જેમાં જયરામ ઠાકુરના નામ ઉપર મંજુરીની મહોર મારવામાં આવી હતી. આની સાથે જ જયરામ ઠાકુર હિમાચલ પ્રદેશના ૧૩માં મુખ્યમંત્રી બનશે. આ અંગેની સત્તાવાર જાહેરાત મોડેથી કરવામાં આવી હતી. બેઠકમાં ધારાસભ્ય પક્ષના નેતા તરીકે જયરામ ઠાકુરના નામના પ્રસ્તાવ પાર્ટીના વરિષ્ઠ નેતા પ્રેમકુમાર ધુમલ દ્વારા કરવામાં આવી હતી જેનું તમામ ધારાસભ્યોએ સમર્થન આપ્યું હતું. સર્વસંમતિથી જયરામ ઠાકુર નેતા તરીકે ચૂંટાઈ આવ્યા હતા. પાર્ટીના કેન્દ્રિય નિરીક્ષક નરેન્દ્રસિંહ તોમર અને નિર્મલા સીતારામન પણ વિશેષરીતે ઉપસ્થિત રહ્યા હતા. તોમરે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, રાજ્યપાલને મળીને સરકાર રચવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. રાજ્યપાલના આદેશ મુજબ શપથ લેવામાં આવશે. ૧૮મી ડિસેમ્બરના દિવસે હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદથી નવા મુખ્યમંત્રીને લઈને અટકળોનો દોર ચાલી રહ્યો

● અનુસંધાન પાન-૭ પર

# અરુણાચલમાં ભાજપ અને બંગાળમાં ટીએમસીની જીત

## પ.બંગાળમાં પેટાચૂંટણીમાં રીટા રાનીની જીત : ભાજપ ત્રીજા સ્થાન પર : આરકેનગરમાં દિનાકરનની જીત થઇ



ઈટાનગર, તા. ૨૪

ભારતીય જનતા પાર્ટીએ અરુણાચલ પ્રદેશમાં યોજાયેલી પેટા ચૂંટણીમાં બંને બેઠકો ઉપર જીત મેળવી લીધી છે. જ્યારે બીજી બાજુ તૃણમુલ કોંગ્રેસે પશ્ચિમ બંગાળમાં શાહબાંગ બેઠકની પેટાચૂંટણી જીતી લીધી છે. ઈટાનગરથી પ્રાપ્ત અહેવાલ મુજબ ભાજપે અરુણાચલ પ્રદેશમાં બંને બેઠકો ઉપર જીત મેળવી છે. લિકાબાલી, પક્કેકેસાંગ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી ભાજપે જીતી લીધી છે. આજે સવારે આઠ વાગે આ બે વિધાનસભા બેઠક માટે મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય સ્પર્ધા હતી. ગુરુવારે ૨૧મી ડિસેમ્બરના દિવસે પેટાચૂંટણી માટે મતદાન યોજાયું હતું. ૬૮.૫ ટકા મતદારોએ

● અનુસંધાન પાન-૭ પર

# હિમાચલ-કાશ્મીરમાં કાતિલ ઠંડી

## કારગિલમાં માઇનસ ૧૧.૪ ડિગ્રી તાપમાન : લેહ, અમરનાથ, ગુલમર્ગ, અન્ય વિસ્તારોમાં જનજીવન ખોરવાયું : ૧૭થી વધારે ટ્રેનો રદ

નવી દિલ્હી, તા. ૨૪

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીના કારણે જનજીવન પર પ્રતિકુળ અસર થઈ છે. દેશના કેટલાક ભાગોમાં પારો ખુબ નીચે પહોંચી ગયો છે. લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. જમ્મુ કાશ્મીર અને હિમાચલપ્રદેશના કેટલાક ભાગોમાં તો પારો માઇનસમાં છે. કેટલીક જગ્યાએ હિમવર્ષા પણ થઈ છે. જમ્મુ કાશ્મીર અને હિમાચલપ્રદેશમાં સૌથી વધારે હાલત કફોડી બનેલી છે. કાશ્મીરમાં રાત્રિ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. લડાખ પ્રદેશમાં કારગિલ ખાતે લઘુત્તમ તાપમાન માઈનસ ૧૧.૪ ડિગ્રી થયું છે જે એક દિવસ પહેલાના માઈનસ ૧૫.૨ ડિગ્રી કરતા ચાર ડિગ્રી વધારે છે. લેહમાં માઈનસ ૯.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે. એક દિવસ પહેલા અહીં માઈનસ ૧૩.૧ ડિગ્રી તાપમાન રહ્યું હતું. રાજ્યના ઉનાળા પાટનગર શ્રીનગરમાં માઈનસ બે ડિગ્રી તાપમાન નોંધાયું છે. કાજીગુંદમાં પારો માઈનસ ૨.૨ સુધી નીચે પહોંચ્યો હતો. કોકરનાગમાં ૧.૮ માઈનસ તાપમાન થયું છે. કુંપવારામાં માઈનસ ૨.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

● અનુસંધાન પાન-૭ પર

# ડીએમકે સાથે જોડાણ કરવા ભાજપની સક્રિય વિચારણા

## તમિળનાડુમાં નવા સમીકરણો રચાવવાના સંકેત : ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં લઇને દક્ષિણ ભારતમાં નવા સાથીઓની શોધમાં ભાજપ છે : અહેવાલ

નવીદિલ્હી, તા. ૨૪

ટુજી કેસમાં રાજા, કાનીમોઝી જેવા દિગ્ગજ નેતાઓ છુટી ગયા બાદ ભાજપને ચોક્કસપણે ફટકો પડ્યો છે પરંતુ ભાજપે ડીએમકે સાથે હાથ મિલાવવા માટેની તૈયારી કરી હોવાના સંકેત મળી રહ્યા છે. ભાજપ કોંગ્રેસની સામે માહોલ સર્જવા માટે પ્રયાસ કરી રહી છે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે, આ ચુકાદો તમિળનાડુની રાજનીતિમાં મોટો માર્ગ ખોરવવાના હેતુસર પણ હોઈ શકે છે. એવી શક્યતા દેખાઈ રહી છે કે, તમિળનાડુમાં રાજકીય માહોલને ધ્યાનમાં લઈને ભાજપ પોતાના જુના સાથી ડીએમકેને ફરી એકવાર સાથે લઈ શકે છે. વડાપ્રધાન મોદી ગયા મહિનામાં ડીએમકેના વડા કરુણાનિધિને મળવા માટે પહોંચ્યા હતા. વડાપ્રધાનના આ પગલાથી એ વખતે તમામ રાજકીય પંડિતો ચોંકી ગયા હતા. તમિલનાડુમાં ભાજપને ડીએમકેના તીવ્ર વિરોધી અન્નાદ્રમુકના સાથી પક્ષ તરીકે ગણવામાં આવે છે. ડીએમકે કેન્દ્ર સરકારની નીતિઓની ટિકાકાર તરીકે રહી છે. આવી સ્થિતિમાં મોદી અને કરુણાનિધિ

● અનુસંધાન પાન-૭ પર










